Paper Code : 3803

MCom Sem – III New Course
JUL/SEP – 2021
CE 303 - Cost Accounting-II

કુલ સમય : ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

---

1. સીમાંત પડતર પદ્ધતિને નીચેના પૈકી બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?
   A. સ્થિર પડતર પદ્ધતિ B. ચલિત પડતર પદ્ધતિ C. સંયુક્ત પડતર પદ્ધતિ D.ઉપરના પૈકી એકપણ નહિ
2. .....માં દરેક એકમની કુલ પડતરમાં ચલિત ખર્ચ અને સ્થિર ખર્ચ એમ બધા જ પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે.
   A. સીમાંત પડતર B. સમાવેશી પડતર C. ચલિત પડતર D. ઉપરના તમામ
3. નીચેના પૈકી એક સીમાંત પડતરને લાગુ પડશે નહિ.
   A. વેચાણકિંમતમાં કોઈ ફેરફાર થશે નહિ. B. ફક્ત ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થાય છે.
   C. કામગીરીની કાર્યક્ષમતામાં જ ફેરફાર થાય છે. D. ઈનપુટના પરિબળોની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી.
4. સીમાંત પડતર પદ્ધતિમાં વિદેશમાં ડમ્પિંગ સંદર્ભે નીચેના પૈકી એક વિકલ્પ સાચો છે.
   A. સ્થિર ખર્ચ દેશના આંતરિક બજારોમાંથી વસુલ થવો જોઈએ. B. વિદેશમાં માલનું વેચાણ સીમાંત પડતરે થશે.
   C. (AA) અને (B) બંને પૈકી એક પણ નહિ D. (AA) અને (B) બંને
5. સીમાંત પડતરના સંદર્ભમાં નીચેના પૈકી એક ખોટું છે.
   A. ટૂંકા ગાળા માટે લાભકારક B. સ્થિર ખર્ચ ધ્યાને લીધા વગરનું વેચાણ એકમ માટે નુકસાનકારક
   C. સમયના પરિબળને અવગણવામાં આવે છે D. ઉપરના પૈકી એક પણ નહિ
6. પડતર જથ્થા નફા વિશ્લેષણ નીચેના પૈકી શાના માટે વપરાય છે?
   A. બજેટમાં જણાવેલ નફો મેળવવા જરૂરી વેચાણ નક્કી કરવા B. ચલિત ખર્ચની નફા પર અસર જાણવા
   C. વેચાણ મિશ્રણમાં ફેરફારની નફા પર અસર જાણવા D. ઉપરના તમામ
7. .....એટલે જે તબક્કે આવક અને ખર્ચ સમાન થાય.
   A. સમતૂટ બિંદુ B. મધ્ય સમતૂટ બિંદુ C. ઉચ્ચ સમતૂટ બિંદુ D. ઉપરના તમામ
8. વેચાણના પ્રમાણમાં ફાળો કેટલો છે, તે જાણવા ..... શોધવામાં આવે છે.
   A. સમતૂટ બિંદુ B. ચોખ્ખો નફો C. નફા જથ્થા ગુણોત્તર D. (BB) અને (CC) બંને
9. એક કંપનીનો વેચાણ સામે ચલિત ખર્ચનો દર 60% છે. તો તેનો નફા જથ્થા ગુણોત્તર કેટલો થાય?
   A. 60% B. 40% C. 140% D. 160%
10. એક કંપનીનું ખરેખર વેચાણ રૂ. 10,00,000 છે. જયારે તેનો સલામતી ગાળો 40% ટકા હોય ત્યારે સમતૂટ બિંદુએ વેચાણ કેટલા રૂપિયા હશે?
    A. રૂ. 4,00,000 B. રૂ. 6,00,000 C. રૂ. 14,00,000 D. રૂ. 10,00,000
11. એક કંપનીના ચોપડે 2019 નું વેચાણ રૂ. 10,00,000 હતું ત્યારે નફો રૂ. 1,00,000નો હતો હવે તેનું વેચાણ 2020માં રૂ. 12,00,000 થયું તો નફો રૂ. 1,40,000 થયો. આ સંજોગોમાં નફા જથ્થા ગુણોત્તર કેટલો થાય?
    A. 20% B. 10% C. 11.67% D. ગણતરી શક્ય નથી
12. એક કંપનીના ચોપડેથી નીચેની માહિતી મળી. તેના પરથી સ્થિર ખર્ચ શોધો. સમતૂટ બિંદુએ વેચાણ રૂ. 80 કરોડ, નફા જથ્થા ગુણોત્તર 40%, સલામતી ગાળો રૂ. 20 કરોડ
    A. રૂ. 40 કરોડ B. રૂ. 32 લાખ C. રૂ. 40 લાખ D. રૂ. 32 કરોડ
13. એક કંપનીના ચોપડેથી નીચેની માહિતી મળી. તેના પરથી નફો શોધો. સમતૂટ બિંદુએ વેચાણ રૂ. 80 કરોડ, નફા જથ્થા ગુણોત્તર 40%, સલામતી ગાળો રૂ. 20 કરોડ
    A. રૂ. 8 કરોડ B. રૂ. 20 કરોડ C. રૂ. 12 કરોડ D. ગણતરી કરવી શક્ય નથી
14. એક કંપનીનો એકમદીઠ ચલિત ખર્ચ રૂ. 6 છે. વેચાણ કિંમત રૂ. 10 છે અને સ્થિર ખર્ચ રૂ. 60,000 છે. જો તેણે વેચાણ પર 15% નફો મળે તેમ વેચાણ કરવું હોય તો કેટલા એકમોનું વેચાણ કરવું પડે ?
    A. 2,40,000 એકમોનું B. 24,000 એકમોનું C. 60,000 એકમોનું D. ગણતરી શક્ય નથી
15. જો ઈનપુટમાં ફેરફાર કરવામાં આવે અથવા કરેલા અનુમાનો બદલાઈ જાય તો તેની અસર ધરેલા પરિણામ પર પડે છે તે જાણવાની પદ્ધતિ એટલે.....
    A. સંવેદનશીલતા વિશ્લેષણ B. ઈનપુટ વિશ્લેષણ C. આઉટપુટ વિશ્લેષણ D. સમાંતર વિશ્લેષણ
16. સંબંધિત પડતરના સંદર્ભમાં નીચેના પૈકી કઈ બાબત સાચી છે?
    A. કોઈ એકમ બંદ કરવાથી મજુરી, વીજળી જેવા ચલિત ખર્ચા બંદ થાય છે. B. દરેક વિકલ્પના ખર્ચા પણ અલગ અલગ હોય છે.
    C. બધા સંબંધિત ખર્ચ ચોપડેથી મળતા નથી. D. ઉપરના તમામ
17. સમાવેશી પડતર પદ્ધતિ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?
    (ii) સ્ટોકની પડતરમાં સ્થિર ખર્ચ ધ્યાને લેવાય છે. (iiii) સ્ટોકની પડતરમાં ફક્ત ચલિત ખર્ચ ધ્યાને લેવાય છે. (iiiiii) એકમદીઠ સ્ટોકનું મુલ્ય સીમાંત પડતર પદ્ધતિ કરતા વધુ હોય છે.
    A. ફક્ત (ii) સાચું છે. B. ફક્ત (ii) અને (iiii) સાચા છે. C. ફક્ત (ii) અને (iiiiii) સાચા છે. D. (ii), (iiii) અને (iiiiii) સાચા છે.
18. .....એટલે એક વિકલ્પના બદલે બીજો વિકલ્પ પસંદ કરવામાં આવે તો તેના લીધે કુલ પડતરમાં ઉદભવતો તફાવત.
    A. નફા વૃદ્ધિ પડતર B. તફાવત પડતર C. સીમાંત પડતર D. સમાવેશી પડતર
19. નીચેના પૈકી એક તફાવત પડતરનું લક્ષણ નથી.
    A. ભવિષ્યલક્ષી પડતર છે. B. સંબંધિત પડતરને ધ્યાને લેવાય છે. C. સામાન્ય માપ પર આધારિત નથી. D. સંચાલકીય નિર્ણયો લેવામાં ઉપયોગી છે.
20. તફાવત પડતરનો નીચેના પૈકી કોના માટે ઉપયોગી છે?
    A. બનાવવું કે ખરીદવાના નિર્ણય લેવા. B. શ્રેષ્ટતમ વેચાણ મિશ્રણ જાણવા. C. ઉત્પાદન ચાલુ કે બંધ રાખવા સંબંધિત નિર્ણય લેવા. D. ઉપરના તમામ.
21. તફાવત પડતર પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે નીચેના પૈકી કયા પરિબળોનો વિચાર કરવામાં આવે છે?
    A. ફાજલ શક્તિનો ઉપયોગ B. છુટા ભાગોના ઉત્પાદનની રોકાણ પર અસર C. (AA) અને (BB) બંને D. ઉપરના પૈકી એક પણ નહિ
22. કયા સંજોગોમાં તમામ ઉત્પાદન બંધ કરવું જોઈએ ?
    (ii) વેચાણ સતત ઘટતું જતું હોય. (iiii) નવી ટેકનોલોજીના સામે વસ્તુ ટકી ન શકે ત્યારે. (iiiiii) સ્થિર ખર્ચમાં સતત વધારો જોવા મળે. (iviv) વસ્તુ શ્રેણીમાંથી કોઈ એક વસ્તુ અપ્રચલિત થાય ત્યારે આખી શ્રેણી બંદ કરવી જોઈએ.
    A. ફક્ત (ii) અને (iiii) સાચા છે B. ફક્ત (ii) અને (iiiiii) સાચા છે. C. ફક્ત (iiii) અને (iviv) સાચા છે. D. (ii), (iiii) અને (iiiiii) સાચા છે.
23. નીચેના પૈકી કયો વિકલ્પ લક્ષ્યાંક હિસાબી પદ્ધતિના લક્ષણ સૂચવે છે?
    A. નફા આયોજન B. બજાર સર્વેક્ષણ C. મૂલ્ય વિશ્લેષણ D. ઉપરના બધા

24. "જરૂરી સમય"નો અભિગમ શું દૂર કરવા પર ભાર મુકે છે?
A. માલસામાનનો બગાડ B. મિલકતોનો બગાડ C. સમયનો બગાડ D. ઉપરના તમામ
25. પેદાશ દીઠ, પેદાશ જીવનચક્રના તબક્કા જોવાના હોય છે.
A. આ વિધાન સાચું છે. B. આ વિધાન ખોટું છે. C. આ વિધાન સુસંગત નથી. D. આવી ધારણા ફક્ત પ્રાદેશિક વેપારમાં થાય છે.
26. ઉત્પાદનના સાધનોનું આયોજન-2 એ ....
A. ઉત્પાદન નિર્ધારિત અભિગમ છે. B. આંતરશાસ્ત્રીય અભિગમ છે. C. પ્રણાલિકાગત અભિગમ છે. D. આમાંથી એક પણ નહિ.
27. લક્ષ્યાંકિત પડતર આધારિત છે.
A. પેદાશની ખરેખર પડતર પર B. પેદાશની ઐતિહાસિક પડતર પર C. પેદાશની બજાર કિંમત પર D. ઉપરના તમામ
28. એક યંત્ર દ્વારા X અને Y બે વસ્તુ બનાવવા અનુક્રમે એકમદીઠ 3 કલાક અને 6 કલાકનો સમય લાગે છે. જો વધુમાં વધુ 2400 કલાકો જ ઉપલબ્ધ હોય તો, નીચેનામાંથી કઈ અસમતા છે?
A. 3X + 6Y = 2400 B. 3X + 6Y ≤ 2400 C. 3X + 6Y ≥ 2400 D. ઉપરના પૈકી એક પણ નહિ
29. તફાવત પડતર સંબંધ ધરાવે છે.
A. ડૂબેલી પડતર સાથે B. સંબંધિત પડતર સાથે C. ઐતિહાસિક પડતર સાથે D. ઉપરના પૈકી એક પણ નહિ
30. નીચેના પૈકી કયું લક્ષણ સંબંધિત પડતરનું નથી.
A. તે ભવિષ્યની પડતર છે. B. તે જાવક રોકડ પ્રવાહ છે. C. તે ઐતિહાસિક પડતર છે. D. ઉપરના તમામ
31. સુરેખ આયોજન ..... માટે છે.
A. ઈષ્ટતમ નિર્ણય ઘડતર B. મહત્તમીકરણ C. ન્યુનતમીકરણ D. ઉપરના તમામ
32. નીચેના પૈકી કયા ક્ષેત્રોમાં સુરેખ આયોજન ઉપયોગી છે?
A. ઉત્પાદન સંચાલન B. માર્કેટિંગ સંચાલન C. નાણાકિય સંચાલન D. ઉપરના તમામ
33. ચાવીરૂપ પરિબળ .....
A. અછત દર્શાવે છે. B. અવરોધ બતાવે છે. C. ઈષ્ટતમીકરણ માટે છે. D. ઉપરના તમામ
34. એક કંપની યંત્ર દ્વારા એક કલાકમાં એક એકમ બનાવી શકે છે અને એકમદીઠ રૂ. 160 કમાય છે. અથવા આ જ વસ્તુ શ્રમિક દ્વારા બનાવી શકે છે અને એકમદીઠ રૂ. 80 કમાય છે. જો યંત્ર ભાડે આપવામાં આવે તો કલાકદીઠ રૂ . 40 ભાડું મળી શકે તેમ છે . જો કંપની યંત્ર દ્વારા ઉત્પાદન કરવાનું નક્કી કરે તો એકમદીઠ વૈકલ્પિક પડતર કેટલી ગણાય?
A. રૂ. 100 B. રૂ. 120 C. રૂ. 40 D. રૂ. 60
35. જ્યારે મજુર કલાકો ચાવીરૂપ પરિબળ હોય, ત્યારે વસ્તુની નફાકારકતા નીચેનામાંથી કયા આધારે નક્કી થાય છે?
A. એકમદીઠ ફાળો B. કલાકદીઠ ફાળો C. એકમદીઠ ચલિત ખર્ચ D. ઉપરના પૈકી એક પણ નહિ
36. ડૂબેલી પડતર સંબંધ ધરાવે છે...
A. સંબંધિત પડતર સાથે B. તફાવત પડતર સાથે C. ઐતિહાસિક પડતર સાથે D. ઉપરના તમામ
37. પડતર-જથ્થા-નફા વિશ્લેષણ એ ..... નું સાધન છે.
A. પડતર હિસાબી પદ્ધતિ B. નાણાકિય હિસાબી પદ્ધતિ C. સંચાલકીય હિસાબી પદ્ધતિ D. ઉપરના તમામ
38. જ્યારે માલસામાન મર્યાદિત કરતું પરિબળ હોય ત્યારે વસ્તુની નફાકારકતા .....ને આધારે નક્કી કરવામાં આવે છે.
A. એકમદીઠ ફાળો B. કિલોદીઠ ફાળો C. કૂલ ફાળો D. ઉપરના પૈકી એક પણ નહિ
39. ધંધાના પ્રશ્નો હલ કરવા માટે સુરેખ આયોજન ..... નું સાધન છે.
A. કાર્યાત્મક સંશોધન B. સીમાંત પડતર પદ્ધતિ C. પર્ટ અને સી.પી.એમ. D. પડતર હિસાબી પદ્ધતિ
40. સુરેખ આયોજનમાં ..... મહત્વનું પરિબળ છે.
A. અવરોધકો B. પડતર C. ફાળો D. ઉપરના તમામ
41. .....માં વસ્તુની ડિઝાઈનમાં ફેરફાર કરીને પડતર નક્કી કરવામાં આવે છે.
A. જરૂરી સમયે જ ખરીદી B. જીવન ચક્ર પડતર પદ્ધતિ C. લક્ષ્ય પડતર પદ્ધતિ D. વધતી પડતર પદ્ધતિ
42. લક્ષ્યાંકિત પડતર આધારિત છે....
A. પેદાશની ખરેખર પડતર પર B. પેદાશની ઐતિહાસિક પડતર પર C. પેદાશની ભવિષ્યની પડતર પર D. ઉપરના પૈકી એક પણ નહિ
43. પેદાશ જીવનચક્રના કયા તબક્કામાં ઉત્પાદક જાહેરાત અને સેલ્સમેન દ્વારા વેચાણ ટકાવી રાખવા પ્રયત્ન કરે છે ?
A. પ્રવેશના તબક્કામાં B. વિકાસના તબક્કામાં C. પરિપક્વતાના તબક્કામાં D. ઉપરના તમામ
44. સમતૂટ વિશ્લેષણમાં આપણે નીચેના પૈકી એક ધારણા કરીએ છીએ.
A. અસુરેખ સંબંધ B. ઉત્પાદનના ચલિત પરિબળો સાથે વળતરમાં ફેરફાર C. અપ્રમાણસર સંબંધ D. સુરેખ સંબંધ
45. લક્ષ્યાંક પડતર પદ્ધતિનો ઉપયોગ સૌપ્રથમ ..... દેશમાં થયો.
A. જાપાન B. ભારત C. રશિયા D. ઈંગ્લેંડ
46. "JIT" "JIT" અભિગમનો ઉદભવ.....માં થયો.
A. અમેરિકા B. જાપાન C. ઈંગ્લેંડ D. ભારત
47. 10000 એકમો માટે સામાન્ય ઉત્પાદન પડતર, સીમાન્ત પડતર હેઠળ રૂ. 100,000 હતી, જ્યારે સમાવેશી પડતર હેઠળ રૂ. 120,000 હતી. એકમદીઠ સ્થિર કારખાના પડતર કેટલી હશે?
A. રૂ. 10 B. રૂ. 12 C. રૂ. 2 D. રૂ. 22
48. એક કંપની એક કરાર સ્વીકારવા માંગે છે, જેમાં X નામનો 50 કિલોગ્રામ કાચો માલ વપરાશે. હાલમાં આ કાચા માલનો 80 કિલોગ્રામનો સ્ટોક છે. જે ખરીદીની ભૂલને કારણે કિલોદીઠ રૂ. 10 લેખે ખરીદ્યો હતો. કંપની માટે તેનો બીજો કોઈ ઉપયોગ નથી . આ માલની પુનઃસ્થાપના કિંમત કિલોદીઠ રૂ . 12 છે. જો તે આ કરારમાં વાપરવામાં નહિ આવે તો કિલોદીઠ રૂ. 6 લેખે બજારમાં વેચી દેવો પાડશે. કાચા માલ Xની આ કરાર માટે સંબંધિત પડતર કેટલી?
A. રૂ. 800 B. રૂ. 600 C. રૂ. ૩૦૦ D. રૂ. 500
49. A અને B નામની બે વસ્તુઓ બનાવવા અનુક્રમે એકમદીઠ 5 કિલો અને 7 કિલો કાચોમાલ વપરાય છે. જો વધુમાં વધુ કાચોમાલ 12000 કિલો જ ઉપલબ્ધ હોય તો નીચેનામાંથી કઈ અસમતા છે?
A. 5X + 7X = 12000 B. 3X + 7Y ≥ 2400 C. 3X + 7Y ≤ 2400 D. ઉપરના પૈકી એક પણ નહિ
50. જો સાલમતી ગાળો 25%, પી. વી. ગુણોત્તર 30% અને નફો રૂ. 60000હોય તો સ્થિર ખર્ચ કેટલો થાય?
A. રૂ. 800,000 B. રૂ. 180,000 C. રૂ. 200,000 D. રૂ. 150,000
